# ‘નિયાંપો’

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૧ અંક : ૨૬૯

પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧


**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

કાર્યાલય
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


“નિયાંપો” માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર....

આપ સર્વે મંડળના સભ્યોને ઈ.સ. ૨૦૧૮ ના નવા વર્ષની શુભકામના... ઠંડીની સીઝનમાં સ્વાસ્થ્ય વર્ધક આહાર તથા શારીરીક કસરતો કરીને તંદુરસ્ત રહો તેવી શુભેચ્છા.

મંડળની બધી પ્રવૃત્તિઓ રાબેતા મુજબ ચાલુ છે. વિવિધ સમિતિ સંચાલકો પુરા જોશ સાથે નવી નવી પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. માવજત સમિતિ દ્વારા પણ કેમ્પનું આયોજન કરવા વિચારાધીન છે. આપ સર્વે સભ્યો એનો જરૂરથી લાભ લેશો.

આવી રહેલ મકર સંક્રાન્તી, વસંત પંચમી તથા ગણતંત્ર દિવસની શુભેચ્છા.

---

## આ માસની ડાયરી

| | |
|---|---|
| ૧) ૨૧-૦૧-૨૦૧૮ | મનોરંજન અને મહિલા સમિતી ‘‘એક શામ કચ્છી મિત્ર મંડળ ફેમિલી કે નામ’’ |
| ૨) ૨૬-૦૧-૨૦૧૮ | શાંતિ પ્રાયમરી સ્કૂલ ગણતંત્રદિવસ ધ્વજારોહણ |
| ૩) ૨૬-૦૧-૨૦૧૮ | શાંતિવન સમિતિ નાટકનો ચલચિત્ર પ્રસારણ |
| ૪) ૨૬-૦૧-૨૦૧૮ | માનવ મિત્ર સમિતિ ગણતંત્રદિવસ સમારોહ સાધના ઈન્સ્ટીટ્યુટ ઑફ મેન્ટલી હેન્ડીકેપ |

## સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
રમેશ મણીલાલ શાહ

જય જિનેન્દ્ર,

ઈશુનો નૂતન વર્ષ ૨૦૧૮ મંડળના સર્વ સભ્ય પરિવારોને સુખ, શાંતિ, સમૃધ્ધિ તથા સારૂ સ્વાસ્થ્ય આપે એજ અમારી શુભેચ્છા.

આમ જુઓ તો આપણા દેશમાં અલગ અલગ પ્રાંતમાં, અલગ અલગ જાતોમાં દરેકનું અલગ અલગ નવું વર્ષ પ્રચલિત છે. એટલે તે મુજબ અનેક નૂતન વર્ષ આવે છે અને ઉજવાય છે. દેશમાં આસરે ૩૦ જેટલા નવા વર્ષ ઉજવાય છે. ગુજરાતમાં મુખ્યત્વે, દિવાળી પછીનો દિવસ–કારતક સુદ એકમના આપણે નૂતન વર્ષ તરીકે મનાવીએ છીએ. દુનિયામાં વધારેમાં વધારે લોકો જાન્યુઆરીથી શરૂ થતા વર્ષને નૂતન વર્ષ તરીકે મનાવે છે. તેનું એક કારણ છે– છેલ્લા ૨૦૦/૩૦૦ વર્ષ સુધી બ્રિટીશ સામ્રાજ્યે વધારેમાં વધારે દેશો પર રાજ કરેલ. આટલા લાંબા સમય સુધી રાજ કરતા, અનેક દેશોની પ્રજા ઉપર તેમના રિવાજો, ભાષા તેમજ ધર્મનો સારો એવો પ્રભાવ પડેલ. એટલે આજે દુનિયાના વધારેમાં વધારે દેશો, ઈશુનો નૂતન વર્ષ ઉજવે છે.

**આજના યંત્ર યુગમાં** બધાને સમયનો અભાવ વર્તાય છે તેમાંય ખાસ કરીને યુવાવર્ગમાં. પહેલા અભ્યાસમાં વ્યસ્ત અને પછી પોતાના નોકરી ધંધામાં વ્યસ્ત હોય છે. તેથી તેઓને ઓળખવાનો કે સંપર્કમાં આવવાનું થતુંજ નથી અને આથી એમના સગપણ લગ્ન પણ ઓળખાણના અભાવથી થોડી સમસ્યા ઉભી કરે છે. લગ્ન કે સામાજીક પ્રસંગોમાં પણ લગભગ બે જણનું આમંત્રણ હોવાથી વડીલોજ એ પ્રસંગોમાં જતા હોય છે. ઘણીવાર ઉચ્ચ શિક્ષણાર્થે પણ ઘરથી દુર થોડા વર્ષો માટે જવાનું થાય છે તેથી સમાજથી તેમનો સંપર્ક ઓછો રહે છે. તો આના નિરાકરણાર્થે આપણે હવે નિયાંપોમાં ''સગપણ સેતુ'' ચાલુ કરીએ છીએ જેમાં ઉમેદવારનો કલર ફોટો તથા અન્ય સંક્ષિપ્ત વિગત કલરમાં નિઃશુલ્ક છાપવામાં આવશે. તો મિત્ર મંડળના સભ્યો પોતાના સંતાનો માટે જરૂરથી આનો લાભ લેશો. ફોર્મનું ફોર્મેટ આગળ છાપવામાં આવેલ છે તે પ્રમાણે ભરવું. બીજો પણ એક પ્રશ્ન છે નોકરી માટેનો. ક્યાંક નોકરી ખાલી છે તો ક્યાંક નોકરી જોઈએ છે. તો આ માટે પણ ફોર્મેટ બનાવ્યા છે જેથી સુવિધા થાય અને બન્ને પક્ષ જાણકારી મળે.

---

### જીવન ચક્ર

**શુભ લગ્ન**

ચિ. વૈશાલી પ્રફુલ નરશી દંડ — પરજાઉ
ચિ. મહેશ બાબુલાલજી સુખરાજ પોકરણા

**પુત્ર જન્મ**


અવની રાહુલ કેશવજી પ્રેમજી છેડા — મોટા લાયજા — ચૈતન્યપુરી

## આવાસગૃહ સમિતિ

સંચાલક :
કેશવજી પ્રેમજી છેડા

આવાસગૃહમાં ૨ રૂમ ખાલી થયેલ છે. જરૂરમંદ પરિવારે કચ્છી ભવનમાં સંપર્ક કરવો.

**DONATE EYES - LIVE TWICE**



## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

### ઈસ ૨૦૧૮ નૂતન વર્ષાભીનંદન...

ઈસ ૨૦૧૮નું નવ વર્ષ સર્વેને માટે મંગલમય તથા સુખદાઈ નિવડે એવી શુભકામનાઓ...

વિતેલુ ૨૦૧૭નું વર્ષ આપણા સહુ માટે ઘણુજ સંઘર્ષમય રહ્યું, નોટ બંદી, જીએસટી જેવા નવા કાનુની અડચણોથી મંદીનું માહોલ સર્વત્ર રહ્યું.

તે છતાં પણ આપણો દેશ નવી રાહ નવી દિશા તરફ સફળતા પુર્વક વિશ્વમાં આગળ વધી રહ્યો છે.

Health is Wealth. શિયાળાની ઋતુ શરૂ થઈ ગયેલ છે અને આ ઋતુમાં તન્દુરસ્તી, પત્યે જાગ્રત રહી વિવિધ કસરતો વોકીંગ અન્ય ઉપાયો અજમાવી નિરોગી અને ચુસ્ત રહેવાનો સમય છે.

શાન્તિ પ્રાયમરી સ્કુલ દ્વારા તા. ૯-૧૨-૨૦૧૭ ના દિવસે છાત્રો દ્વારા સાયન્સ એક્ઝીબીશનનું આયોજન કરવામાં આવેલ. આપણી સ્કુલને તેલંગાના ગવર્નામેન્ટ દ્વારા આયોજીત સ્વચ્છ વિદ્યાલય માટે સારા રેન્કીંગ આપવામાં આવેલ.

યુવા સમિતિ દ્વારા તા. ૧૭-૧૨-૨૦૧૭ ના દિવસે સ્પોર્ટસ-ડે નું આયોજન કરવામાં આવેલ. વિવિધ હરીફાઈઓ અને આનંદ બજારની મજા ઉપસ્થિત સર્વ સભ્યોએ લીધેલ.

મનોરંજન અને મહિલા સમિતિ દ્વારા તા. ૨૧-૧-૨૦૧૮ ના દિવસે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. વધુ માં વધુ સભ્યો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવશો.

શાન્તિવન સમિતિ આયોજીત સ્કીન ઉપર નાટક શો નું આયોજન તા. ૨૬-૧-૨૦૧૮ નાં દિવસે કરવામાં આવેલ છે.

માનવ મિત્ર સમિતિ દ્વારા આશ્રમ મધ્યે તા. ૨૬-૧-૨૦૧૮ ના દિવસે ધ્વજવંદનનું કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ છે.

હેલ્થકેર સમિતિ દ્વારા તા. ૨૫-૨-૨૦૧૮ ના દિવસે મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

ભવનના ઓપન એરીયા માટે નવા કાર્પેટ વસાવવામાં આવેલ છે.

દરેક સમિતિ સંચાલક પોતાનું કાર્ય સુચારૂ રૂપથી પાર પાડી રહેલ છે. આપ સૌના સાથ સહકાર થકી દરેક કાર્ય પુર્ણ કરવામાં આવી રહેલ છે.

આજની તારીખમાં દરેક કુટુમ્બોમાં બાળકોના સગપણ માટે ઘણી મુશ્કીલી થઈ રહી છે. આપણા મુખપત્ર નિયાંપોમાં આ માટે નવી કોલમ મેટ્રીમોનીયલ કલર પેજ શરૂ કરવાનું વિચારેલ છે અને એની વિગત સંપાદકીયમાં આપવામાં આવેલ છે.

આ માસ દરમ્યાન નીચે મુજબના અનુદાન મંડળ ને પ્રાપ્ત થયેલ છે, દરેક દાતા પરિવારોનો આભાર

૧) રૂ. ૧૧૧૧૧/- માતૃશ્રી જવેરબેન નવીનચંદ્ર ધરોડ પૌત્રી જીનલનાં લગ્ન પ્રસંગે શીક્ષણ સહાય માટે
૨) રૂ. ૫૧૦૦/- શ્રીમતિ લતાબેન મણીકાંત મેઘજી પરિવાર (માનવમિત્ર)
૩) રૂ. ૫૦૦૦/- શ્રી હીતેન મણીલાલ નાગડા પુત્ર તરંગના લગ્ન પ્રસંગે
૪) રૂ. ૩૫૦૦/- શ્રીમતિ કુસુમબેન કાંતિલાલ છેડા (જનરલ ડોનેશન)
૫) રૂ. ૩૫૦૦/- શ્રીમતિ કુસુમબેન કાંતિલાલ છેડા (માનવ મિત્ર)
૬) રૂ. ૨૧૦૦/- શ્રી પરેશ ધનજી સાંયા પુત્ર પૂજનના લગ્ન પ્રસંગે

# સગપણ સેતુ



હાલની સગપણ સમસ્યાને ધ્યાનમાં લઈને નિયાંપોમાં આવતા મહિનેથી મંડળના લગ્નોત્સુક ઉમેદવારો માટે સંક્ષિપ્તમાં બાયોડેટા નિઃશુલ્ક છાપવાનું નક્કી કરેલ છે.

મંડળનાં જે કોઈ સભ્યોને આનો લાભ લેવો હોય તેઓ સાથે આપેલ બોક્ષની વિગત મહિનાની ૨૫ તારીખ સુધી મોકલાવી આપતા આગામી અંકમાં તે કલરમાં છાપવામાં આવશે.

PHOTO

ઉમેદવારનું પુરૂ નામ ..................................................

કચ્છમાં ગામ ..................................................

દાદા ..................................................

નાનાણા ...................................ગામ ...................

જન્મ તા. ............ જન્મ સ્થળ .......................... જન્મ સમય ............

હાઈટ .................... વજન ....................... બ્લડ ગ્રુપ ....................

અભ્યાસ ..................................................

વ્યવસાય ..................................................

ઈ–મેલ : ..................................................

વિશેષ માહિતી : ..................................................

સંપર્ક નામ : ............................... ફોન નં : ..................................

નોંધ : જા.ખ.ની વિગત બોક્ષમાં યોગ્ય સાઈઝમાં છાપવામાં આવશે.

| નોકરી ખાલી છે | Job Opportunity |
|---|---|
| ઉમેદવારનું નામ : | Name : |
| અનુભવ : | Experience : |
| અપેક્ષિત પગાર : | Expected Salary : |
| સરનામું : | Address : |
| ફોન નં. : | Phone No. : |

| નોકરી જોઈએ છે | Job Needed |
|---|---|
| ઉમેદવારનું નામ : | Name : |
| અનુભવ : | Experience : |
| અપેક્ષિત પગાર : | Expected Salary : |
| સરનામું : | Address : |
| ફોન નં. : | Phone No. : |

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

ઈશુનું નવું વર્ષ સમાજના સર્વ સભ્યો પરિવારને દરેક પ્રકારે સફળ અને યશસ્વી રહો એજ પ્રભુ પ્રાર્થના.

વિશેષમાં જણાવવાનું કે જાન્યુઆરી ૨૬મી (૨૬–૧–૨૦૧૮) ના દિવસે ગણતંત્ર દિવસનું ''સાધના ઈન્સ્ટીટ્યૂટ ઑફ મેન્ટલી હેન્ડીકેપ'' આશ્રમ, રોડ નં. ૬ ઈન્ડસ્ટ્રીયલ એરીયા (એ.પી. પેટ્રોલ પંપની સામે) નાચારામ મધ્યે આયોજન કરેલ છે. ધ્વજ વંદન સવારના ૧૦.૦૦ કલાકે કરવામાં આવશે. સર્વ સભ્યો પરિવારને વિનંતી કે માનવ કલ્યાણ માટે જરૂરથી પધારે. બપોરના જમવાનું રાખેલ છે. જે માટે વ્યક્તી દીઠ રૂા. ૧૦૦/– નો પાસ જે કચ્છી ભવનધડ કાર્યાલયમાંથી તા. ૨૨–૧–૨૦૧૮ સુધી લઈ લેવા વિનંતી. વધુ વિગત માટે શ્રી હિતેન સંઘોઈ – ૯૮૪૯૧ ૬૪૨૨૧ નો સંપર્ક કરવા વિનંતી.

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| શ્રી નેમજી કાનજી ધરોડ (માતુશ્રીની પુણ્યતિથી નિમિત્તે) | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | - | - | - |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | - | - | - | - | - | ૨૦૦૦ |
| શ્રીમણિલાલ ધરોડ (પુત્રની ૨૪મી પુણ્યતિથીનિમિત્તે) | ૨૫૦ | ૨૫૦ | - | - | - | - |

રૂા. ૫૦૦૦.૦૦ શ્રી હરિલાલ વી નિસર તરફથી – ૨૫ સ્વેટર ઓલ્ડ એજ હોમમાં
રૂા. ૩૦૦૦.૦૦ ડૉ. દિલીપ ભાનુશાલી તરફથી – ૫૦ કીલા દાળ – ઓરફનએજ
રૂા. ૨૧૦૦.૦૦ ડૉ. દિલીપ ભાનુશાલી તરફથી – ૫૦૦ કટા ઘાસના ગૌશાળા મધ્યે

ઉપરોક્ત દાતાઓનો ખૂબ ખૂબ આભાર.





વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ–નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮
ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો
(જા.ખ.)

# FLAT FOR SALE

Dilsukhnagar, Near Chaitanyapuri,
Maruti's Sai Sreenidhi Residency, 3BHK 1430 Sft.,
Fully Furnished, on 3rd Floor with Lift
One Covered Car Parking.

**Contact : Vinod S. - 83175 05748**

(જા.ખ.)

# મનોરંજન સમિતિ

સંચાલક : પ્રતાપ જીલુભાઈ જાડેજા
ફોન : ૯૯૫૯૯ ૪૪૮૨૨

## KMM Mahila Samiti & Manoranjan Samiti Presents

## "EK SHAAM KUTCHI MITRA MANDAL FAMILY KE NAAM"

**On Sunday 21st January 2018**
**Evening 4.00 onwards**
**@ Kutchi Bhavan, Eden Bagh, Ramkote, Hyderabad.**

***This program is for all age groups with different games and competition mentioned below.***

1) **Fancy Dress : Age 0 - 5 Yrs**
   **Introduction of Participant has to be given**
   **(Parents can also give introduction)**

2) **KMM Dancing Star Category : Age 6 & Above**
   a) Solo
   b) Pair (Any 2 Participants)
   c) Group (4 or 6 members)

   **Maximum song timing cannot exceed 3 minutes, songs cannot be repeated. First come first basis**

3) **The Best Dressed Family**
   **The Best Dressed Family for the evening will be awarded.**

**For all above mentioned compeititon Registration is compulsory**
**Last date for registration. 5th January 2018**

**FOR REGISTRATION CONTACT :**

**KUSUM RAMBHIYA - 93467 14672, NISHA KAKRECHA - 95333 30921**

**During Registration, provide your complete Name, Age and other information related to the competition.**

**In all Competitions the participation prize will be given to everyone.**

**FOLLOWED BY ALPAHAR**

**Best 3 will be the winners in each Catogery.**

**For more information Contact :**

| | |
|---|---|
| **Pratap Jadeja** | **Darshana Pankit Savla** |
| **99599 44822** | **90301 14545** |

## મહિલા સમિતિ

સંચાલિક : દર્શના સાવલા
ફોન : ૯૦૩૦૧ ૧૪૫૪૫

# મનોરંજન સમિતિ અને મહિલા સમિતિ પ્રસ્તુત કરે છે.

# ''એક શામ કચ્છી મિત્ર મંડળ ફેમિલી કે નામ''

**રવિવાર, તા. ૨૧ મી જાન્યુઆરી ૨૦૧૮**

**સમય : ૪.૦૦ વાગ્યાથી, સ્થળ : કચ્છી ભવન**

**આ કાર્યક્રમને માણવા વધુથી વધુ સંખ્યામાં આવવા વિનંતી.**
**આ કાર્યક્રમ બધી જ એજ માટે છે. જેમાં વિવિધ પ્રકારની ગેમ્સ સાથે, નીચેની હરીફાઈઓ પણ રાખવામાં આવેલ છે.**

૧) ફેન્સી ડ્રેસ : Age 0 to 5 Yrs
આ હરિફાઈમાં ભાગ લેનારે પોતાનો Intro આપવાનો રહેશે.
(મા–બાપ પણ છોકરાઓનો Intro આપી શકે છે.)

૨) KMM Dancing Star : Age 6 & Above
કેટેગરીસ
૧) સોલો
૨) Pair (કોઈ પણ બેની જોડી)
૩) Group (4 or 6 મેમ્બર્સ)

ડાન્સમાં બધી જ કેટેગરીમાં ગીત માટે વધારેમાં વધારે ૩ મિનિટ આપવામાં આવશે.
એક ગીત ને એક જ ચાન્સ આપવામાં આવશે. વહેલો તે પહેલાના ધોરણે.

૩) The Best Dressed Family
આ કાર્યક્રમમાં Best Dressed Family ને ગીફ્ટ આપવામાં આવશે.
આ બધી જ હરીફાઈમાં રજિસ્ટ્રર કરવાની છેલ્લી તા. ૫ જાન્યુઆરી ૨૦૧૮ રહેશે.

## રજિસ્ટ્રેશન માટે

KUSUM RAMBHIYA - 93467 14672, NISHA KAKRECHA - 95333 30921

રજિસ્ટ્રેશન વખતે ભાગ લેનારનું નામ, ઉંમર તથા અન્ય હરિફાઈ વિષે જાણકારી આપવાની રહેશે.

બધાજ ભાગ લેનારને Participation Prize આપવામાં આવશે. દરેક કેટેગરીમાં બેસ્ટ ૩ પ્રઈજેસ આપવામાં આવશે.

અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. વધૂ વિગત અને માહિતી

| | |
|---|---|
| પ્રતાપ જીલુભાઈ જાડેજા | દર્શના પંકીત સાવલા |
| ૯૯૫૯૯ ૪૪૮૨૨ | ૯૦૩૦૧ ૧૪૫૪૫ |

# માનવ કલ્યાણ સેવા સમિતિ

3-2-215, Arihant Sulabh Apartment, Behind Bank of India,
Near Jain Mandir, Kachiguda, Hyderabad. Ph : 2755 7711

આયોજિત

## ફિઝિયોથેરેપી-એક્યુપ્રેશર ત્રણ દિવસિય કેમ્પ

**તા. ૨, 3 અને ૪ ફેબ્રુઆરી ૨૦૧૮**

**સ્થળ : શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ પ્રાંગણ, કાચીગુડા, હૈદરાબાદ**

**મુંબઈના પ્રખ્યાત ફિઝિયોથેરેપીસ્ટ નિષ્ણાંત**

**ડૉ. અનિલ જાની ટીમ દ્વારા ટ્રીટમેન્ટ**

**ફિઝિયોથેરેપી, એક્યુપ્રેશર, વેક્યુમ થેરેપી, સ્ટીમ થેરેપી,**

**3 DAYS PHYSIOTHERAPY - ACCUPRESSURE CAMP**

**Specialist in : Physiotherapy, Accupressure, Vaccum Therapy, Steam Therapy for Spondylitis, Arthritis, Frozen Shoulder, Knee Pain, Rheumatism, Paralysis, Slip Disk, Asthama and many more**

**રજીસ્ટ્રેશન ફક્ત રૂા. ૧૦૦** (વ્યક્તિ દીઠ એક સારવાર માટે)

**ત્યાર પછીની દરેક સારવાર વ્યક્તિ દીઠ રૂા. ૫૦/–**

વહેલા તે પહેલાનાં ધોરણે નોંધણી ચાલુ છે.

નામ રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તા. ૨૫–૧–૨૦૧૮

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : **હિરેનભાઈ પટેલ (રાજુભાઈ) – ૯૩૯૧૦ ૦૮૪૧૩**

વધુ જાણકારી માટે સંપર્ક :

| સુરેશભાઇ ગોસર | પંકજ વી. સાવલા | હિતેન સંગોઈ | વિનોદ મહેતા |
|---|---|---|---|
| ૯૩૯૧૦ ૦૭૩૯૧ | ૯૩૯૪૫ ૫૩૧૫૪ | ૯૮૪૯૧ ૬૪૨૨૧ | ૯૮૪૯૭ ૭૧૫૬૦ |

(જા.ખ.)

# માનવ કલ્યાણ સેવા સમિતિ

## ફિઝીયોથેરેપી, એક્યુપ્રેશર, વેક્યુમ થેરેપી, સ્ટીમ થેરેપી સારવારની તસ્વીરો


વેક્યુમ થેરેપી કરવા માટે અનિલ જાની અને રાજેશ ભાઈ


સ્લીપ ડિસ્ક ની ટ્રીટમેંટ આપી રહ્યા છે અનિલ જાની


ગળાના મણકાના ટ્રીટમેંટ આપી રહ્યા છે. અશોક શાસ્ત્રી


ધૂટણાની ટ્રીટમેંટ આપી રહ્યા છે અનિલ જાની


અનિલ જાની કુલ બોડીમાં એક્યુપ્રેશર આપી રહ્યા છે.

### નિ:શુલ્ક અષ્ટાંગ યોગા પ્રશિક્ષણ

પુરૂષો તથા મહિલાઓ માટે માનસિક તણાવ
દૂર કરવા વિશેષ ટેકનીક પધ્ધતિ
**શ્રીમતી હેમાબેન કારીયા**
(મુંબઈની વિખ્યાત યોગા ઈન્સ્ટીટ્યૂટ ના
નિષ્ણાંત શિક્ષિકા)
(વિશ્વની સૌથી જૂની યોગા સંસ્થા)
સ્થળ : શ્રી જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ
**તા. ૨, ૩ અને ૪ ફેબ્રુઆરી ૨૦૧૮**
સમય : સવારના ૬.૩૦ થી ૭.૩૦

ફક્ત ૧૮ વર્ષથી વધુ વયની મહિલાઓ માટે

### પ્રાણાયમ અને મેડીટેશન

સ્ત્રીને લગતી સમસ્યાઓ તેમજ માનસિક
બિમારીથી છૂટકારો મેળવવા વિશેષ પ્રશિક્ષણ
વલસાડના વિખ્યાત યોગા પ્રશિક્ષિકા
**શ્રીમતી હર્ષાબેન વીરા**
સ્થળ : શ્રી જિનેશ્વરધામ, કાચીગુડા, હૈદરાબાદ
**તા. ૨, ૩ અને ૪ ફેબ્રુઆરી ૨૦૧૮**
સમય : સવારના ૮.૦૦ થી ૯.૦૦
(જા.ખ.)

॥ શ્રી શાંતિનાથ સ્વામિને નમઃ ॥

ૐ શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી) હ્રીં

## શ્રી શાંતિનાથ પ્રભુજી જિનાલયની ૧૮મી વર્ષગાંઠના શુભ પ્રસંગે

### ધ્વજારોહણ સહ ત્રિહાન્હિકા મહોત્સવે પધારવા

# સકલ સંઘને સ્નેહભર્યું આમંત્રણ

દિવ્ય કૃપા : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.

શુભાશિષ : તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, તપચક્રવર્તી પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.
સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક, પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.
નૂતન આચાર્ય ભગવંતશ્રી કવીન્દ્રસાગરસૂરિજી મ.સા., શ્રી વીરભદ્ર સાગરસૂરિજી મ.સા.,
શ્રી મહોદયસાગર સૂરિજી મ.સા.

સાધર્મિક બંધુ જોગ.......

પ્રભુ ભક્તિના અમૃતાનુષ્ઠાન સમા દુર્ગતિ દુઃખ નિવારક પરમ આનંદદાયક, આધ્યાત્મિક અને સમકિત બીજ પ્રાપક સર્વ દુઃખ મુક્તિરૂપ મોક્ષદાયક એવા શાંતિદાતા પરમાત્મા શ્રી શાંતિનાથ ભગવાન આદિ પ્રભુના અંજનશલાકા, પ્રતિષ્ઠા થયાના ૧૭માં વર્ષની પૂર્ણાહુતિએ વિક્રમ સંવત ૨૦૭૪ના મહા વદ ૫ સોમવાર, તા.૫-૨-૨૦૧૮ થી મહા વદ ૭ બુધવાર તા.૭-૨-૨૦૧૮ દરમ્યાન ધ્વજારોહણ સહ ત્રિહાન્હિકા મહોત્સવ રાખવામાં આવેલ છે.

## માંગલિક કાર્યક્રમ

સંવત ૨૦૭૪ મહા વદ ૫
સોમવાર તા. ૫-૨-૨૦૧૮ ના
બપોરના ૧૨.૩૯ કલાકે
**પરમ શુદ્ધિ શ્રી અઢાર અભિષેક**

સંવત ૨૦૭૪ મહા વદ ૬ મંગળવાર
તા. ૬-૨-૨૦૧૮ સવારના ૮.૩૦ કલાકે
**મહાપ્રભાવક સિધ્ધચક્ર મહાપૂજન**
પૂજન બાદ સ્વામિવાત્સલ્ય રહેશે.
શ્રી સિધ્ધચક્ર મહાપૂજન તથા સ્વામિવાત્સલ્યના લાભાર્થી :
માતુશ્રી હેમલીબાઈ ચંપાલાલજી સમાણી
હ: શ્રી જયંતીલાલ સમાણી શ્રી સુરેશકુમાર સમાણી
શ્રી અશોકકુમાર સમાણી

સંવત ૨૦૭૪ મહા વદ ૭ બુધવાર તા. ૭-૨-૨૦૧૮
સવારના ૮.૦૦ વાગે સત્તરભેદી પૂજા દરમ્યાન સવારના ધ્વજારોહણ વિધિ રહેશે.
❁ બપોરના સ્વામિવાત્સલ્ય ધ્વજારોહણના કાયમી લાભાર્થી પરિવારો તરફથી રહેશે. ❁
નોંધ : સત્તરભેદી પૂજા દરમિયાન **વાર્ષિક ચઢાવા** લેવામાં આવશે.

## ધ્વજારોહણના કાયમી લાભાર્થીઓ

| | | |
|---|---|---|
| મુખ્ય ધ્વજા શ્રી શાંતિનાથ પ્રભુ | શેઠશ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર | વરાડીઆ |
| શ્રી શ્રેયાંસનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી લીલાધર જીવરાજ નાગડા પરિવાર | વાંઢ મોટી |
| શ્રી નમિનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી લક્ષ્મીચંદ મેઘજી નાગડા પરિવાર | નરેડી |
| શ્રી વાસુપૂજ્ય સ્વામિની ધ્વજા | શેઠશ્રી હાંસરાજ જીવરાજ નાગડા પરિવાર | વાંઢ મોટી |
| જૂના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુની ધ્વજા | શેઠશ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર | વરાડીઆ |

વિધિ-વિધાન માટે શ્રી રાજાભાઈ નંદુ, મુંબઈથી પોતાની સંગીત મંડળી સાથે પધારશે.

ઉપરોક્ત પ્રસંગે હાજર રહી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશોજી.

**નોંધ : ૧૮ અભિષેકમાં લાભ લેવા પેઢીમાં સંપર્ક કરશોજી.**

ઉપરોક્ત મહોત્સવ દરમ્યાન શ્રી સંઘ તરફથી આયંબીલ કરાવવામાં આવશે.

**લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી) વતિ**
સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર

શુભ સ્થળ : શ્રી જિનેશ્વરધામ, ૩-૪-૨૧૭, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૭.
ફોન : ૦૪૦-૨૭૫૫ ૧૬૦૫, ૯૮૫૨ ૭૨૧૯. Email : ajshyderabadcity@gmail.com

(જા.ખ.)

# શાંતિવન સમિતિ

સંચાલકઃ હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

સહર્ષ જણાવવાનું કે શાંતીવન સમિતીના ઉપક્રમેં ૫૦ વર્ષની ઉપરના વડિલો માટે શુક્રવાર તા. ૨૬ જાનેવારી ૨૦૧૮ પ્રજાસત્તાક દિને સાંજે ૫.૦૦ વાગે શ્રી કચ્છી ભવન, રામકોટ મધ્યે એક મનોરંજનાત્મક નાટકનો ચલચીત્ર પ્રસારીત કરવામાં આવશે. અવસરને શોભાવવા ત્રીરંગી ડ્રેસકોડ રાખવામાં આવેલ છે. વધુ થી વધુ સંખ્યામાં ત્રીરંગી પરિધાન કરી પધારવા ખાસ વિનંતી. ઉત્તમ પરિધાનને પારીતોષીક થી નવાજવામાં આવશે. હાજરી બુકમાં પોતાની હાજરી નોંધાવી રૂા. ૩૦/– નું ફુડ કૂપન લેવા ભુલશો નહીં. ફુડ કુપનનું વિતરણ ફક્ત ૫.૦૦ વાગ્યા સુધીજ રહેશે. માટે સમયની પાબંદી રાખશો.

સાથે–સાથે લક્કી ડીપ, દાતાઓનું સન્માન, કાર્યકર્તાઓનું અનુમોદનાત્મક ધન્યવાદ. ઈત્યાદી એક ન અનેક કાર્યક્રમ રાખી પ્રસંગને હમેશા માટે યાદગાર બનાવવાનું લક્ષ્ય રહેશે.

સ્વરૂચી અલ્પાહારની ખાસ વ્યવસ્થા છે. પ્રસંગે સમયસર જરૂરથી પધારી જીવનના આનંદની પળોને ઉલ્લાસથી માણશો. કાર્યક્રમને ભવ્યાથી ભવ્ય ઉજવવા ખર્ચને પહોંચી વળવા દાતાઓને આગળ આવવા વિનંતી છે. જેના માટે સંચાલકનો સંપર્ક કરશોજી.

**Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, DTP in Hindi, Gujrati, Telugu & English Language, Wedding Cards, Prarthana-Public Notice Advertisements in Leading News papers like Hindi Milap, Vartha, Deccan Chronicle, Eenadu etc.**

Contact : **ATLAS ADVERTISING,** Ridesh Jagirdar - 9849988999

(જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરોઃ

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪–૪–૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭–૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

**કોલ્હાપુરી ગોળ... કોલ્હાપુરી ગોળ...કોલ્હાપુરી ગોળ...**

**બારેમાસ ભરવા લાયક કોલ્હાપુરનો પ્રખ્યાત ગોળ ૧૦ કિલો રવાની પેકીંગમાં મળશે, તેમજ ઓર્ગેનીક ગોળ પણ મળશે તેમજ ગોળનો પાવડર સ્પેશલ અર્ધા કિલોની પેકીંગમાં મળશે.**

**સાંગલીની પ્રખ્યાત હળદર (પાવડર) મળશે.**

**ઓર્ડર લખાવવા સંપર્ક કરવો...**

**પીનલ સુનિલ છેડા – ૯૫૪૨૩ ૨૯૩૨૯, ૦૪૦–૪૮૫૧ ૧૭૨૧**

(જા.ખ.)

॥ શ્રી અંબે માતાજીને નમઃ ॥

# છેડા, ભેદા અને ફુરીયા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ,

સવિનય જણાવવાનું કે છેડા, ભેદા અને ફુરીયા નુખના અંબા માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી તા. ૨૧–૧–૨૦૧૮ રવિવાર સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે છેડા, ભેદા અને ફુરીયા નુખના સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

**માતાજીનું સામૈયુ તથા સ્થાપના .................... ૦૯.૩૦ કલાકે**

**માતાજીના ભજનગીતની રમઝટ તથા રાસગરબા ... ૧૦.૦૦ કલાકે**

**ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી..... ૧૨.૦૦ કલાકે**

**માતાજીને પ્રસાદ થાળ જુવારવાનુ .................. ૧૨.૧૫ કલાકે**

**માતાજીની આરતી .................................. ૧૨.૩૦ કલાકે**

**માતાજીની પ્રસાદી (પ્રીતિભોજન).................... ૦૧.૦૦ કલાકે**

આ વર્ષની પહેડી ભાવિકો તરફથી **આનાફોડનાં** હીસાબે
રાખવામાં આવેલ છે. માતાજીને પોખવાનું જુવારવાનું અને
આરતીનો લાભ લક્કી ડ્રો થી કરવામાં આવશે.

(જા.ખ.)

લી. **છેડા–ભેદા–ફુરીયા ભાવિક સંઘ**, ના જયજિનેન્દ્ર

સંપર્ક : દેવચંદ છેડા–મો. ૯૨૯૦૦૬૫૧૫૬, પોપટલાલ છેડા–મો. ૯૪૪૦૦૫૫૧૧૩
રતીલાલ છેડા–મો. ૯૩૯૪૪ ૫૪૫૫૬, અમૃતલાલ ભેદા–મો. ૯૮૪૯૦ ૦૧૯૯૧
લક્ષ્મીચંદ છેડા – ૯૧૬૦૭ ૬૯૦૯૦, નીરેન ફુરીયા – ૯૩૪૬૧ ૦૨૦૩૦

નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે. ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહીં.

# વિવિધા

## સાવધાન તમારી ફિલ્મ ઉતરી રહી છે...

મહેન્દ્ર વોરા, 'અજ્ઞાની'

સર્વે વાચકોને મારી નૂતનવર્ષ ૨૦૧૮ ની શુભકામના. આવનાર વર્ષ આપ સર્વેને શાંતિ અને સુખમય વિતે તેવી અભિલાષા... લેખ નો મથાળો વાંચી કદાચ વિચારશો કે આપણો વળી શુટીંગ ક્યારે થયુ ? આપણે ક્યાંય પણ શુંટિંગમાં તો ગયા નથી.

વાંચકો વાત છે CCTV કેમરાની, જેમા દરેક જગ્યાએ આપણો શુટીંગ થઈ રહ્યો છે જેની આપણને જાણ નથી. આજકાલ મોટા શહેરોમાં જ્યાં જુઓ ત્યાં કેમેરા ફીટ કરેલા હોય છે, એરપોર્ટ, રેલ્વેસ્ટેશન, બસ સ્ટેન્ડ, મોટા સર્કલો, સરકારી ઓફિસો, પોલીસ ચૌકી, M.N.C. ઓફિસો, હોટલો, થિયેટરો મોલથી લઈ ને નાની મોટી દુકાનો, રેસીડેન્સી બિલ્ડીંગો દરેક જગ્યાએ CCTV કેમેરા સતત ચાલુજ હોય છે.

અશ્ચર્ય તો ત્યારે થાય છે કે હવે તો મંદિરો ને ધાર્મિક સ્થાનો પણ એમાંથી બાકાત નથી રહ્યા. દરેક નાના મોટા મંદિરો ને તીર્થોમાં પણ CCTV જાણે ફરજીયાત થઈ ગયા છે.

એક તરફ વિચારીયે તો સલામતી માટે જરૂરી થઈ ગયું છે કે ક્યારેક કોઈ દુર્ઘટના થાય અથવા કંઈ ચોરી–લૂટફાટ, અકસ્માતો કઈ પણ અઘટીત બનાવ બને તો એની તપાસ માટે આવા કેમેરાના ફુટેજ ગુનેગાર ને પકડવામાં ઉપયોગી થઈ પડે છે. વળી આ ઘટના કેમ કરતાં બની તે જાણી શકાય છે. મોલમાં દુકાનોમાં કાંઈ ચોરી તો નથી થતી ને ? ને નોકરો સેલ્સમેનો વગેરે બરોબર કામ કરી રહ્યા છે કે નહીં તે કેબીનમાં બેઠા બેઠા શેઠ સ્ક્રીન પર જોઈ શકે છે.

જેમ જેમ નવી ટેકનોલોજી વિકસતી જાય છે, તેમ તેમ તેનો ઉપયોગ વધતો જાય છે. જેમ કે પહેલાં ટેલીફોનથી કામ સરળ થઈ ગયા હતા તેની જગ્યાએ હવે મોબાઈલ અને સ્માર્ટફોનો આવી ગયા ને આ એકજ સાધનમાં અનેક સગવડો મળી ગઈ. દરેક ચીજ હાથવગી થઈ ગઈ, આપણ ને અનેક માહિતી બટનો દબાવતા મળી જાય છે. પણ અજાણતાં જ આપણી વિચાર શક્તિ અને યાદ શક્તિ ઓછી થતી જાય છે. આપણે યાદ રાખવાની તસ્દી નથી લેતા, મોબાઈલમાં છે જ ને પછી શું જરૂર છે ?

સાધનો અને સગવડો વધે છે તેમ તેમ ખર્ચા પણ વધતા જાય છે. કારણ કે હવે આ સાધનો વિના આપણને ચાલશેજ નહીં.

ઘણીવાર આ CCTV ને કેમરાને જોઈને વિચાર આવે છે કે માણસજાત ને એક બીજા પર જાણે ભરોસો જ નથી રહ્યો. જાહેર જગ્યાઓએ તો ઠીક છે પણ મંદિરોને ધાર્મિક સ્થાનોમાં પણ આપણી સલામતી નથી ? શું ભક્તો ને ભગવાનના સંબંધોને પણ શંકાની દૃષ્ટિ થી જોવાય છે ? માનવજાત વધુ ને વધુ શંકાશીલ થતી જાય છે, મનમાં સતત ભય અને ભીતી રહે છે.

વખત જતાં કદાચ આપણા ઘરોમાં પણ CCTV કેમેરા એક બીજા પર નજર રાખવા આવી જાય તો નવાઈ નહીં.

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા.ખ.)

**Nitin Gala**
**99630 10657**

**Ganeshay Namah**
**Jai Jinendra**

**Sunita Gala**
**9440875034**

*Happy New Year*

# MOST TRUSTED NAME IN QUALITY

| | | |
|---|---|---|
| Snacks | : | Soya Stick, Tomato Stick, Nadiyadi Bhuso, Panchratan Chewda, Tikhabhel, Bhadaig Bhel, Bhavngri, Nylon Sev, Mota Sev, Bhakarwadi, Makai Papdi, Masala Boondi, Salted Boondi, Moongdal, Chana Dal, Singbhujiya, Dalmoth, Etc.. |
| Khakra | : | Kora Sada, Ghee Sada, Jeera Sada, Methi, Methi Masala, Punjabi, Chora Phari, Panipuri, Mangrodi, Dahi Kothmir, Till Bagar etc. Mini Travelling Khakra Maniars. SPL. NYION PAPDI GHATIYA |
| Kutch Spl | : | Bajra Rotla, Gaubazar, Gud (Jaggery) |
| Spl Pakwan | : | Gopal Chikki, Anjana Peda, Anjana Mini Sata, Koday Sev, Ghatiya |

## MINI PAKWAN

| | | |
|---|---|---|
| Chips | : | Banana Wafers, Masala, Mari, Tomato, Spl. Yello (Low Colories) Cheese |
| Roasted | : | Spl. Moong Jor, Chana Jor, Bajra, Jawari, Moth Moong, Soya, Wheat |
| Sweets | : | Spl. Dry Fruit Chikki, Sing Chikki, Till Chikki, Crush Chikki, Rajgeera |
| Winter Special | : | Dry Fruit Khajoor, Dry Fruit Anjir |

(જા.ખ.)

BULK ORDERS ACCEPTED

## M/s. Sri Riddhi Siddhi Snacks & Khakras

**4-1-10, C-24, Pragati Society, Tilak Road, Hyderabad - 500 001**

*Home Delivary Free...* **થેપ્લાના આર્ડર લેવામાં આવશે.**



# આંબળા

શિયાળો આવતાજ આપણને આ ત્રણ વસ્તુ બરાબર યાદ આવે છે. ઊંધીયુ, અડદીયા અને આંબળા. ઉંધીયું તો સ્વાદીષ્ટ અને મસાલેદાર હોય તેથી સ્વાભાવીક રીતે બધાનેજ ભાવે અને આ મૌસમમાં શાકભાજી પણ બધાજ ઉપલબ્ધ હોય છે. પરંતુ હવે અડદીયા આપણે ભલે ખાઈએ પણ તે પચાવી શકીએ છીએ ? અને આ બધામાં આપણે અમૃતતુલ્ય આંબળાને જરા ઓછું મહત્વ આપતા હોઈએ છીએ. સ્વાદમાં જરા તુરા પણ ગુણોમાં સર્વ શ્રેષ્ઠ આંબળા આ સીઝનમાંજ ઉપલબ્ધ હોય છે.

આંબળામાં પ્રચુર પ્રમાણમાં વિટામીન ‘સી’ છે. ચ્વવન ઋષીના કહ્યા પ્રમાણે તે શતાયુ બક્ષે છે. ચામડી પર કરચલી જલદી પડવા નથી દેતા. તેમજ ચામડીને લીસી તથા તેજસ્વી બનાવે છે. વાળ પણ સુંવાળા તથા કાળા રાખવા માટે આંબળાનો ઉપયોગ જરૂર કરવા જેવો છે. આ સાથેજ કબજીયાત તથા ડાયાબીટીસ ના દરદીએ સીઝન દરમ્યાન આંબળાનો વિશેષ ઉપયોગ કરવો જોઈએ. આંબળાની સાથે બીજા મસાલા તથા બદામ, પીસ્તા, કેસર, ઘી વગેરે નાંખીને ચ્યવનપ્રાશ બનાવી આખા વર્ષ દરમ્યાન પણ તેનો ઉપયોગ કરી શકાય.

આ સીજનમાં આંબળાની સાથે એક વિશેષ વનસ્પતિ પણ મળે છે. તે છે લીલી હળદર. આ બંનેનો રસ કાઢીને પીવાથી તે એન્ટીઓક્સીડેન્ટ નું કામ કરે છે.

જેમ ઉનાળામાં આંબા અમૃતસમાન છે તેવીજ રીતે શિયાળામાં આંબળા ઘણા બધા લાભ સાથે અમૃત સમાન છે.

॥ શ્રી મામલ માતાજીને નમઃ ॥

## દેઢીયા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ.......

સવિનય જણાવવાનું કે દેઢીયા નુખના મામલ માતાજીને નમતાં ભાવિકોની સમુહ પહેડી તા. ૨૮-૧-૨૦૧૮ ને રવિવાર સવારનાં ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે સર્વે ભાવિકોને સહ પરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે. આ શુભ પ્રસંગે ભુવા શ્રી રમણીકભાઈ મુંબઈથી પધારશે. નવા આવેલ ભાવિકો તથા નિયાણી બહેનોએ પોતાના નામ નીચે જણાવેલ ભાઈઓ પાસે લખાવવા વિનંતી.

<u>અન્ય માહીતીમાટે સંપર્ક</u>

હરેશ હેમરાજ દેઢીયા : ૯૨૪૬૧ ૯૪૪૦૫, નીલગીરીસ : ૯૨૪૬૨ ૦૨૧૨૦

**નોંધ : કાળા વસ્ત્રો પહેરી આવવું નહીં.**

(જા. ખ.)


# પ્રકૃતિની ગોદમાં વસેલ...

હૈદરાબાદ પાસે નવનિર્માણ પામેલ વિશ્વ વિખ્યાત

## શ્રી મુનિસુવ્રત સ્વામી નવગ્રહ જૈન તીર્થ

ના સંકુલમાં, ફાર્મ હાઉસ બંગલાની

સાથે for sale ફકત જૈનો માટે



- 1500 Sq. Yard ની જમીન પર
- 50 Fruits ના ઝાડ સાથે
- 700 feet નું બોરીંગ કે જે મીઠું પાણી આપે છે.
- જૈન તીર્થથી માત્ર ૨ મિનીટના અંતરે.
- ૨ હૉલ, કિચન, ૩ સુસજ્જીત રૂમ્સ, એટેચ બાથરૂમ
- બંગલો ચારે બાજુથી બાઉન્ડ્રી વોલથી સુરક્ષિત
- હૈદરાબાદથી માત્ર ૩૨ કિ.મી. ના અંતરે

: Contact :

વિજય વોરા - 98490 79797

વિમલ વોરા - 98480 71069

રાજવીર વોરા - 8019998877

# नववर्ष की कामना

**जिहान - चंदन हरीश हरीया**

नववर्ष की सबको शुभकामना
पूरी हो हम बच्चों की मनोकामना
पापा आज मैं आपसे प्रण करता हूँ
पढाई पूरे ध्यान से मैं करूँगा....
पर पापा थोडी ढील देना
मेरी छोटी-मोटी माँगे पूरी करना....
मम्मी आज मैं आपसे प्रण करता हूँ
जो भी खाना बनाओगी
करेला व लौकी की सब्जी भी प्यार से खाऊँगा
दूध पीने आपको न सताऊँगा
पर मम्मी थोडी ढील देना
पिज्जा - बर्गर की भी मौज कराना....
दादा आज मैं आपसे प्रण करता हूँ
आप के साथ सैर करने सुबह जल्दी ऊठुँगा
आलार्म बंद करके वापस न सो जाऊँगा
पर दादा थोडी ढील देना
संडे मुझे देर तक सोने देना....
दादी आज आप भी एक प्रण करे
मैं हुं आपका राज दुलारा
इन तीनो को आप ढील न देना
मौका मिले तो इन तीनो से मुझे बचाना
बस इतनी सी है मेरी मनोकामना
नववर्ष की सबको शुभकामना...


**CA. DIPTI CHHEDA'S**

**CONCEPT CLASSES**

**CONCEPTUAL TEACHING – A WAY TOWARDS EXCELLENCE**

- ❖ **IPCC GROUP- 1 BATCH FOR MAY 2018 STARTING ON 29.1.2018**
- ❖ **IPCC GROUP- 2 BATCH FOR MAY 2018 STARTING ON 1.2.2018**
- ❖ **ONLY TEST SERIES WITH WEEKLY PAPER DISCUSSIONS FROM 1.2.2018**
- ❖ **SPECIAL BATCH FOR GST & TAX UPDATES FOR MAY 2018 EXAM.**
- ❖ **REVISION BATCH FOR CA FINAL LAW & AUDIT WITH FLOWCHARTS BY CA, CS LAKSHMI (RANKHOLDER IN CS)**

- ➢ Daily home work checking.
- ➢ Weekly chapter wise class test with detailed suggested answers.
- ➢ 25 students per batch On first come first basis.
- ➢ Booster test series before exam with corrected paper discussion and suggested answers.
- ➢ Library & Reading room facility available.

**Contact: 9394393770**

**Address**: Concept classes, Opp.Agra sweets, Nallakunta OU road, Hyderabad.

**FOR EXAM ORIENTED UPDATES & ARTICLES JOIN DIPTI CHHEDA'S CONCEPT CLASSES PAG**

(જા.ખ.)


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઇટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# પ્રેમ... હા, બંધન... ના, ના

**સંકલન : પંકજ વલ્લભજી સાવલા**

છૂટા છેડાનું વધતું ચલણ સમાજ વ્યવસ્થાને ખોરવી નાખે છે. ભારતીય અદાલતોમાં રોજરોજ છૂટાછેડાની અરજીમાં થઈ રહેલો વધારો એ વાતનો સંકેત આપે છે કે પતિ–પત્નીના સંબંધો હવે નબળાં પડી રહ્યા છે. પોતાના ઝઘડાનો તેઓ ઉકેલ લાવી નથી શકતા અને અદાલતનો આશરો લે છે. દર વર્ષે છૂટાછેડાની હજારો અરજી કોર્ટમાં આવે છે અને એની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આ પરિસ્થિતિ ઘણી ચિંતાજનક છે.

અમુક  જૂજ અપવાદોને બાદ કરતા છૂટાછેડાના કારણ ઘણા ક્ષુલ્લક હોય છે. પરસ્પર અહમનો ટકરાવ, નાની નાની વાતોને વધારીને મોટું રૂપ આપી દેવા જેવી બાબતો છૂટાછેડા તરફ દોરી જાય છે. પતિ–પત્ની બંનેમાંથી કોઈ પણ નમવાનું પસંદ નથી કરતું જે સંસાર ભાંગવા માટે કારણરૂપ બને છે.

નાઈલાજે અને નાખુશીથી કોઈ પણ બે વ્યક્તિએ સાથે રહેવું ના જોઈએ એ બાબત સાચી જ છે, પરંતુ પરસ્પર સંમતિથી લગ્ન જેવા પવિત્ર સંબંધમાં જોડાયેલી  આધુનિક યુગની બે વ્યક્તિ લગ્નના ત્રણ–ચાર મહિનામાં જ એટલે કે ટૂંક સમયમાં જ એકબીજાથી એવી ધરાઈ જાય છે કે જરાય નમતું જોખવા કે બાંધછોડ કરવા તૈયાર નથી થતી કે એકબીજાને સમજવાનો પ્રયત્ન પણ નથી કરતી, એવો આચાર વિચાર પરસ્પર સંમતિથી લેવાતા છૂટાછેડામાં દેખાઈ આવે છે.

પ્રથમ લગ્નભંગને કારણે તમે અત્યંત વ્યવહાર, મેચ્યોર્ડ બની જાઓ છો અને દૂધનો દાઝયો છાશ પણ ફૂંકી ફૂંકીને પીએ એ રીતે સમજી વિચારીને બીજા લગ્નના પગલાં લો છો, જોકે એમાં પણ તમારે બાંધછોડ અને સહનશીલતા તો દાખવવી જ પડશે, તો પ્રથમ લગ્નને એક તક શા માટે નથી આપતા અને પોતાનું ભાગેલું જીવન શા માટે બચાવી નથી લેતા ?

દુનિયાભરના અભ્યાસ અને તારણોથી પુરવાર થયેલું છે કે છૂટાછેડા લેનારા દંપતીના બાળકોનો પૂર્ણ વિકાસ નથી થઈ શકતો અને તેમને પણ તેમના લગ્નનજીવનમાં ડગલેને પગલે સમસ્યાઓ આવી શકે છે.

ક્યારેય કોઈના ઉશ્કેરણીથી કે કોઈની વાતોમાં આવી જઈને છૂટાછેડાનો નિર્ણય ના લેવો જોઈએ. જે વ્યક્તિ તમને તમારા જીવનસાથીની વિરુદ્ધ ભડકાવે એ વ્યક્તિ તમારી શુભચિંતક હોઈ જ ના શકે.

છૂટાછેડા બાદ પણ જીવનમાં અનેક સમસ્યાઓ આવશે, જેનો તમારે એકલાએ જ સામનો કરવો પડશે. તમારા માબાપ, ભાઈ–બહેન આખી જીંદગી તમારી સાથે નથી રહેવાના. તમારો જંગ તમારે જાતે જ લડવો પડશે.

લગ્નજીવન ટકાવવું હોય તો નાની નાની બાબતોની અવગણના કરતા શીખો. કારણ વગરની બાબતને મહત્વ આપવાથી તે છૂટાછેડાનું કારણ બની શકે છે.

For Bulk SMS, Multi Colour Stickers for Marriage
LOGO Designing, Broucher & Souvenir Printing
CHANDRAPRABHA GRAPHICS
Paras Ramesh Jagirdar 66680780, 40047999, 99499 81999


पशु बचाओ - देश बचाओ
पतंग उड़ाएं तब, जब सूरज चढ़े,
पक्षियों की सुरक्षा का ध्यान रखें।
सूर्योदय व सूर्यास्त के आसपास का समय
आकाश में पक्षियों के विचरण का है अतः यथासंभव
अपरान्ह व दोपहर के समय ही पतंग उड़ाएं जिससे
पतंग की डोर-मांझे से पक्षी घायल न हों।
Save Animal - Save Nation
पक्षियों की जान बचाएं - जिम्मेदार नागरिक कहलाएं
आपसे हाथ जोड़कर निवेदन
हम अपने शरीर पर लगने वाली छोटी सी चिंगारी तक नहीं सह पाते,
तो थोड़ा विचार करें -- छोटी-छोटी चींटियों या अन्य जीवों को क्यों सतायें !
सिर्फ कुछ पल के मौज शौक के लिए इन बेजुबानों को क्यों सजा दें। याद रखो
हंसते-हंसते बांधे गये कर्म रो-रोकर भी नहीं छूटेंगे। फिर आप खुद समझदार हैं।
अहिंसा परमो धर्मः
जय जिनेन्द्र
जो आप मेरी बात सहमत हो तो मेरी पोस्ट शेर करे
આપણી મઝા મૂંગા પક્ષીઓને સજા
आपकी सब पतंग तो कट गई
अगली संक्रांत मे नई आ जायेगी
आपकी कटी पतंग से मेरा पंख कट गया
वो मुजे कोन ला के देगा ?
जीओ और जीने दो
'FLY KITES, BUT LET THE BIRDS FLY TOO'
Please take initiative remove all waste Manjas & Kites in your Society & your Terrace surroundings & Trees. Save a Bird's life...
We request people to fly kites in open grounds, avoid glass-coated strings & report birds found hanging from trees to the helpline number Saudharam Bhandari 8886743881, Dattatreya Joshi (PFA) 9849993374, Chintan Bhatt 9441808530, Ridesh Jagirdar 9849988999
Love for Cow
Always Use Cow Milk Cow Ghee
श्री जीवरक्षा ज्ञान प्रचारक मण्डली
जीवरक्षा कम्पाउंड, दिलशाद प्लाजा के सामने,
सुलतान बाजार, हैदराबाद द्वारा जनहित मे जारी

# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

In Last month's Quiz, beautiful painting was given featuring Indian cinemas top 15 classic actresses of yesterday and today. You were required to identify them. They are listed below :-

1) Sridevi
2) Madhu Bala
3) Nargis
4) Hema Malini
5) Madhri Dixit
6) Waheeda Rehman
7) Kajol
8) Nutan
9) Jaya Bhaduri
10) Devika Rani
11) Suraiya
12) Rekha
13) Nadia
14) Meena Kumari
15) Vyjantimala

The persons who have given correct answers are :

Bharati K. Dharod
Dipti Atul Sayla
Femi Gada
Gouri Suraj Madan
Geeta Shah
Heena Vijay Dedhia
Nirupa Maru
Sonal Piyush Gosar
Sushila Kapadia
Vaishali Hitesh Heniya
Vandana Haria
Veena K. Gosar
Vikram Madhukant shah
Vaishali Kumar Dedhia

## QUIZ FOR THE MONTH :

Given below is the list of 12 incomplete proverbs in Gujarati & English. They will be complete only with the missing word.

Fill up the missing word in each sentence. Either you can fill up the blanks, take photo and send by whatsup or just list out the missing words serially and whatsup.

૧) દુરથી ..................... રળિયામણા

૨) મન હોય તો ............. જવાય

૩) મારૂ, મારૂ ............. ને તારૂ મારૂ સહિયારૂ

૪) ............ તે સૌને ગમે

૫) સો ................ કી, એક લુહાર કી

૬) ................ મોટા, દર્શન ખોટા

૭) A .................... in hand in worth two in the bush.

૮) A wolf in ............................... clothing.

૯) The ............................ is mightier than the sword.

૧૦) Fortune ....................... the bold.

૧૧) No ...................... is an island.

૧૨) People living in ........................ houses should not throw stones on others.

20 Days Medicine only Rs. 499/-

## AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

Ph : 9395347264, 9392418463, 040-27564183

(જા.ખ.)

# SHYAM CARPENTER

*We do all kinds of carpentry works - Small or Big*

CONTACT : +91-99858 78116

(જા.ખ.)

Pick up & Drop

# CHERIAN NATIONAL

Motor Driving School (ESTD. 1962)

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

# DIGITAL GARMENT PRINTING SOLUTION

Ph: 040-48550818 E-Mail: sales@sigmacorporation.co.in

First Time In Hyderabad Under One Roof

We Offer

- Siser - Thermo Transfer For Textile Plotter Cut Media & Print & Cut Media
- Mimaki - Print & Cut - 53" Width
- polyprint - DTG-Direct Printing on Garment



We Also Offer

- MIMAKI-Print & Cut Machine / ECO Solvent Inks
- Polyprint-DTG Machine & Inks
- Siser-Media-Print&Cut / Plotter Cut
- Graphtec - Plotter

## SIGMA CORPORATION

Roman Court, 1-8-44/13/4, Chikkadpally, Hyderabad - 500 020.

(જા.ખ.)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)
ફીણીયા લાડુ
નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)
અલશી મખાના લાડુ (કેલશિયમ–વિટામીનથી ભરપુર)
ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)
ઓટસ મખાના લાડુ
ગોળ પાપડી
ગોળીયા લાડુ
અડદિયા પાક (શિયાળુ પાક)
કોકોનેટ બિસ્કીટ
સાંગલીના ભડંગ
શીંગદાણાની ચટણી
સિકંદરના ખારી સીંગ
સિકંદરના ચણા
ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

સ્પેશીયલ અડદિયાપાક
સ્પેશીયલ ખજુર પાક

**સ્પેશીયલ ખાખરા : મસાલા ખાખરા મેથી મસાલા ખાખરા ચોરાફળી ખાખરા સાદા ખાખરા, ઘી ખાખરા**

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA**
**89857 59320, 82477 89295**

(જા.ખ.)

*You are beautifuL... we just compliment it !*

Air Brush & HD Make-up

abha
be gorgeous

Bridal Pre Bridal Services

by Bhavini Patel


**SALOON & MAKE-UP STUDIO**

SELF GROOMING COURSE | PROFESSIONAL MAKE-UP COURSE | PROFESSIONAL HAIR STYLE COURSE

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

**ALSO AVAILABLE BRIDAL JEWELLERY FOR RENT**



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)




# જીતવું હર એક ને છે... હારવું કોઈ ને નથી

અને આ વાત દુનિયા ના દરેક ક્ષેત્રના દરેક વ્યક્તિને લાગુ પડે છે
આ ચિત્રપટ જીતવાના બે રસ્તા દર્શાવે છે. વ્યવ્હારિક-નૈતિકતા
ચિત્રપટ તમારી વ્યવ્હારિક સમજણ શક્તિને પડકારે છે...
શું આપનો વ્યવ્હારિક દ્રષ્ટિકોણ ખરેખર વ્યવ્હારૂ છે કે ?

આ ફિલ્મ એક નામચીન અને માતબર બિજનેસ ફેમિલીની સાહસ કથા છે, જે જીવનના એવા પડાવ પર આવી ને ઊભા છે, કે એમનો એક નિર્ણય એમના જીવનની દશા અને દિશા બન્ને અસ્તવ્યસ્ત કરી શકે છે. **ચલ મન જીતવા જઈએ** સકારાત્મક્તાથી, ખુબજ તીવ્ર અને જકડી રાખે એવી અદ્ભુત ગુજરાતી ચિત્રપટ છે.

કોઈ પણ ઉપદેશ આપ્યા વગર માત્ર તર્કના આધાર પર, આ ફિલ્મ એવી સકારાત્મક આંતરસૂઝ આપે છે જેથી કોઈ પણ વ્યક્તિ જીવનની કોઈ પણ મુશ્કેલીને માત આપી શકે છે.

**બૌધ્ધિક ભુખને સંતોષતી ચિત્રપટ. મનોરંજન સાથે તમારા જીવનને સમૃધ્ધ કરતી ચિત્રપટ**

## DAILY ONE SHOW FROM 19-1-2018 TO 25-1-2018

**Starring : Rajiv Mehta (Praful - Khichdi Fame), Krishna Bharadwaj (Tenali Rama - Sab TV), Dharmendra Gohil (Mareez, Muktidham, Narsaiya no Nath, Black Out & More Gujarati Plays)**

***It has J.D. Majethia, Sarita Joshi, Darshan Jariwala, Paresh Ganatra, Dharmesh Mehta, Sanjay Goradia, Sujata Mehta & Many More.***

***Also visit our Facebook Page -* CHAL MAN JEETVA JAIYE**

**CONTACT : ASHOK DOSHI 98850 31414**

(જા.ખ.)

Estd. : 1974
Gandhi Jayanti

Tel : 040-6673 5331
2475 5331
7 am to 8 pm

9246182484
11 am to 7 pm

# GANDHI GYAN MANDIR YOGA KENDRA

INVITES YOU ALL (YOUND AND OLD)
WITH FAMILY AND FRIENDS (LADIES & GENTS)
THROUGH ANCIENT & YET NEW SCIENCE OF YOGA
WEBSITE : YOGASIMPLIFIED.COM, EMAIL : YOGANAND4U@YAHOO.CO.IN

- ✓ Internationally reputed Yoga Institute with "World Record" of 43 years of Continuous Yoga Practice Without A single Holiday.
- ✓ More than 4 Lakhs people trained to practice Yoga for happy & Healthy life in 12 Batches daily from 4 am to 8 pm
- ✓ More than 2000 teachers trained to serve all over the world in 90 Batches.

## LADIES, GENTS & CHILDREN LEARN & PRACTICE YOGA

*To look & feel young and energetic.....*
*To make the body slim, trim and flexible.....*
*To Increase physical fitness, resistance power, stamina and Self-Confidence.....*
*To improve memory, will power, concentration and peace of mind.....*
*To develop mental powers and spirituality.....*
*To reduce anxiety, depression, fear, tension, stress, strains and negative thoughts.....*
*To stop smoking & drinking habits.....*
*For a complete positive change in way of life.....*
*To prevent, control and cure many disease like.....*




LEARN - SERVE - EARN BY BECOMING QUALIFIED YOGA TEACHER
**93rd Batch From 18-1-18**

(જા.ખ.)

## છેલ્લા ૪૨ વર્ષથી આપની આંખોની સેવામાં
## હૈદરાબાદ-સિકંદરાબાદના
## અગ્રગણ્ય હોલસેલ અને રીટેલ ચશ્માના વેપારી



# વોરા ઓપ્ટિક્સ



# હૈદરાબાદ ઓપ્ટીશીયન

૧) આંખોના નીષ્ણાત ડોક્ટર/ઓપ્ટોમેટરીસ્ટ દ્વારા જાપાની કમ્પ્યુટર દ્વારા આપની આંખોની તપાસ.

૨) લેટેસ્ટ ડીઝાઈનની સસ્તી, મીડીયમ, પ્રીમીયમ, બ્રાન્ડેડ ફ્રેમોની વિશાળ રેન્જ.

૩) ઉચ્ચતમ ક્વોલીટીના પ્રોગ્રેસીવ, બાયફોકલ, ફોટો ગ્રે એન્ટીગ્લેર અને પોલારોઈડ ચશ્માના લેન્સીસની અદ્વિતીય શ્રેણી.

૪) ડેલી પહેરવાના અને બ્રાન્ડેડ, તડકાના ચશ્મા (સન ગ્લાસિસ), ડે એન્ડ નાઈટ ડ્રાઈવીંગના સન ગ્લાસેસની વિશાળ રેન્જ.

૫) ગુજરાતી તમામ ભાઈઓ બહેનો માટે વિશેષ છુટ.

દુનિયાની સર્વશ્રેષ્ઠ બાન્ડસના ઓથીરાઈડસ ઓપ્ટીશીયનસ, રેબાન, વોગ, ઓકલી, ટોમી હીલફીગર પોલીસ અરમાની, મોન્ટ બ્લેન્ક, સીલૌટી બોસ એન્ડ લોમ્બ.

## VORA OPTICS
**Wholesale Optical House**

4-1-355, Shop Nos. 13C / 14C / 21C / 22C,
Malti Naik Plaza,
Hotel Jaya International Lane, Abids,
Hyderabad -500 001.
Ph : 040-66888822 (3 lines) 66888833 (3 lines)


**Vijay Vora - 98490 79797,**
**Rajveer Vora - 8019998877**

## HYDERABAD OPTICIANS

G-26, Kubera Towers
Near Narayanguda Fly Over,
Himayatnagar, Hyderabad - 500 029

**Vimal Vora - 98480 71069**

(જા.ખ.)



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. તથા હર મહિનાના બીજા રવિવારે કાચીગુડાથી શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો રૂા. ૫૦/– વ્યક્તિ દિઠ તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/– છે. આવા સુંદર આયોજનનો લાભ લેવા આગ્રહ ભરી વિનંતી છે તથા બીજાઓને પણ અનુમોદીત કરશોજી.

## 31ST NIGHT CELEBRATED IN KULPAKJI

31ST NIGHT IN KULPAKJI નું સુંદર આયોજન થયેલ ત્રણ બસો દ્વારા લગભગ ૧૨૫ ભાવિકોએ એનો લાભ લીધેલ પોતાના ગ્રુપમાં આવેલ બીજા ભાવિકો પણ આપણી સાથે જોડાયા હતા. બે દિવસ ગરીબ ભોજન, શાંતી સ્નાત્ર પૂજનનો પણ આયોજન થયેલ. ગૌ સેવા, ગુરૂ મંદિરના દર્શન ઈત્યાદી સાથે ૩૧ ડિસેમ્બર ૨૦૧૭ના રાતના થયેલ જોરદાર ભક્તી ભાવનાનો બધાએ લાભ લીધેલ. રૂમોની અછતમાં થયેલ અગવડતામાં બધાએ સગવડ દાખવી સંઘ ભાવનાથી એક બીજાથી સ્નેહથી બધાએ યાત્રા માણી.

બસના લાભાર્થી પરિવારમાં ૧) માતુશ્રી લક્ષ્મીબાઈ પ્રેમજી છેડા (મોટા લાયજા) એ શ્રેયના જન્મની ખુશાલીમાં લાભ લઈ શ્રી સંઘને પ્રોત્સાહીન કરેલ ૨) શ્રી સુભાષભાઈ મહેતા તથા નવીનભાઈ ખીમસરા પણ બસના લાભાર્થી બન્યા અને શ્રી સંઘને આર્થીક રૂપે સહાયક થયા

આંધ્રપ્રદેશના જૈન તીર્થોની પંચતીર્થો માટે પુરતા યાત્રાળુઓના નામ ન આવતા હાલ આ આયોજન મુલતવી રાખવામાં આવેલ છે. ભવિષ્યમાં જ્યારે પણ નક્કી થશે ત્યારે જણાવવામાં આવશે. ત્યારે મોટી સંખ્યામાં જરૂરથી લાભલેશો.

શ્રી સંઘ દ્વારા આયોજીત મહા મંગલકારી નવકાર મહામંત્ર જાપ હરીફાઈ નો મોટા પ્રમાણમાં પ્રતીસાદ મળેલ છે. અને સ્પર્ધકોએ પોતાના અંતરના પ્રતિભાવ ઉત્કૃષ્ટ રીતે પ્રદર્શીત કરેલ છે. ચકાસણી માટે મોકલવામાં આવેલ છે. નિર્ણય આવતાની સાથે જાહેર કરવામાં આવશે.

શ્રી સંઘના સામે અનેકા અનેક મોટી મોટી યોજનાઓ છે. આપ સર્વે ભાવિકોનો સાથ હશે તો એ દિવસ દુર નથી જ્યારે બધી યોજનાઓને મુર્ત સર્વરૂપ આપી શકાશે.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :**

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી**

**રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,**

**ગામ મોટા લાયજા–કચ્છ, હાલ સાયન–મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(જા. ખ.)